મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૬-૧૭ માં ચાલુ બાબતે
પ્લાન સદરે માંગણી નં.૯૫ (સ્ટેટ)હેઠળ રુ.૩૯૬૦.૧૭ લાખની
બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૧૨૭૯/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧ /૦૪/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧)ભારત સરકારનો તા.૨૮/૧૦/૨૦૧૫નો પત્ર ક્રમાંક:૩૨/**pso/fs/2015**

(૧) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૦૭/૦૪/૧૬ના પત્ર ક્રમાંક:મભય/હસબ/ મંજુરી/૨૦૧૬/૩૪૫-૪૭

**ઠરાવ –**

ભારત સરકારના સંદર્ભ-(૧) ના પત્રથી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત નવી ફંડીંગ પેટર્નમાં ભારત સરકારનો ૬૦ % હિસ્સો અને રાજ્ય સરકારનો ૪૦ % હિસ્સા મુજબ સને.૨૦૧૫-૧૬ના નાણાકિય વર્ષથી લાગુ પાડવામાં આવેલ છે.સને.૨૦૧૬-૧૭માં ચાલુ બાબતે માંગણી નં.૯૫ પ્લાન (સ્ટેટ) ૨૨૩૬ પોષણ હેઠળ રાજ્ય સરકારના ૪૦% હિસ્સા પેટે નીચે મુજબની પ્રથમ બે બાબતે માનદ વેતન અને કુકીંગ કોસ્ટનો સમાવેશ થાય છે.જે પેટે રુ.૧૪૩૭.૭૨ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને નીચે મુજબની ૧૦ બાબતે ૧૦૦% રાજ્ય સરકારના હિસ્સા પેટે રુ.૧૬૫૯.૨૪ લાખની મળીને કુલ રુ.૩૯૬૦.૧૭ લાખની બજેટ જોગવાઇને નીચેની બાબતે વહીવટી મંજુરી આપવા કમિ.મ.ભો.યો.દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | યોજનાનું નામ | ૪૦ % રાજ્યના હિસ્સા પેટે રકમ | ૧૦૦% રાજ્યના હિસ્સા પેટે રકમ | કુલ રકમ (રુ,લાખમાં ) |
|---|---|---|---|---|
| ૧ | કુકીંગ કોસ્ટ | ૧૯૩૫.૮૪ | ૨૯૫.૨૪ | ૨૨૩૧.૦૮ |
| ૨ | રસોઇયાના માનદ વેતન | ૩૬૪.૫૨ | – | ૩૬૪.૫૨ |
| ૩ | સુખડી | – | ૩૬૫.૦૦ | ૩૬૫.૦૦ |
| ૪ | દૂધ સંજીવની યોજના | – | ૭૦૦.૦૦ | ૭૦૦.૦૦ |
| ૫ | હેન્ડલીંગ ચાર્જીસ | – | ૨૪૧.૫૦ | ૨૪૧.૫૦ |
| ૬ | થાળી અને ગ્લાસ | – | ૦.૧૦ | ૦.૧૦ |
| ૭ | રસોડાના વાસણ | – | ૦.૧૦ | ૦.૧૦ |
| ૮ | મોડેલ સ્કુલ | – | ૫૭.૮૫ | ૫૭.૮૫ |
| ૯ | કિચનશેડ રીપેરીંગ | – | ૦.૦૧ | ૦.૦૧ |
| ૧૦ | રસોડાના આધુનિકરણ | – | ૦.૦૧ | ૦.૦૧ |
| | કુલ | ૧૪૩૭.૭૨ | ૧૬૫૯.૮૧ | ૩૯૬૦.૧૭ |

૨/ પુખ્ત વિચારણાને અંતે રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના સને.૨૦૧૬-૧૭માં ચાલુબાબતે માંગણી નં.૯૫ પ્લાન (સ્ટેટ) ૨૨૩૬ પોષણ હેઠળ રાજ્ય સરકારના ૪૦% હિસ્સા પેટે ઉપર મુજબની પ્રથમ બે બાબતે માનદ વેતન અને કુકીંગ કોસ્ટનો સમાવેશ થાય છે.જે પેટે રુ.૧૪૩૭.૭૨ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે અને ઉપર મુજબની ૧૦ બાબતે ૧૦૦% રાજ્ય સરકારના હિસ્સા પેટે રુ.૧૬૫૯.૮૧ લાખની મળીને કુલ રુ.૩૯૬૦.૧૭ લાખની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૭) ભારત સરકારના હિસ્સાની રકમ સમયસર મેળવી લેવાની રહેશે.

(૮)તા.૧/૪/૨૦૧૬ થી ખર્ચ કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના ખાસ અંગભૂત યોજના માટેનો ખર્ચ માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨- મધ્યાહન ભોજન યોજના વિગતવાર-સદર(૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન સ્ટેટ) હેઠળ ઉધારવાનું રહેશે.

૬/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (શિ.)ની તા.૧૮/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.